
## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



રણજિત ભ. દેસાઈ
(૧૯૩૫) ફોન: ૨૩૨ ૨૩૪૯૮



શ્રીહરિ વડનેકર
(૧૯૩૫) ફોન: ૨૩૨ ૪૮૨૪૪



વીણાબેન ભરતભાઈ દવે
(૧૯૫૨) ફોન: ૨૩૨ ૪૦૦૬૬

# ગ્રામ પંચાયત મંત્રીઓને માસિક રૂ. ૧૦૦૦નું ખાસ ભથ્થું અપાશે

## પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતીના અવસરે મહાત્મા મંદિરમાં યોજાયેલી રાજ્યના ગ્રામ પંચાયત મંત્રીઓની કાર્ય શિબિર સંપન્ન





ગાંધીનગર, તા. ૩૦

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે મહાત્મા મંદિરમાં યોજાયેલી ગ્રામ પંચાયત મંત્રીઓની રાજયકક્ષાની કાર્યશિબિરનું ઉદ્‌ઘાટન કરતા, રાજયના તમામ પંચાયત મંત્રીઓની સેવા કામગીરીને પ્રોત્સાહિત કરવા માસિક એકંદર રૂ.૧૦૦૦નું ખાસ ભથ્થું આપવાની પ્રેરક જાહેરાત કરી હતી. જેમાં પંચાયત મંત્રીને હાલ વર્ષોથી મળતા માસિક રૂ. ૧૦૦ના ખાસ ભથ્થામાં નવ ગણો વધારો કરીને માસિક રૂ.૯૦૦નું ખાસ ભથ્થું આપવાના અને પંચાયતમંત્રી જે કેશ-એકાઉન્ટનો ગ્રામ પંચાયતના હિસાબની કામગીરી, વસૂલાત વગેરે સંભાળે છે તેમને પહેલીવાર માસિક રૂ. ૧૦૦નું કેશ એલાઉન્સ આપવાના મળી, કુલ માસિક રૂ. ૧૦૦૦ના ખાસ ભથ્થું પેકેજનો સમાવેશ થાય છે. ગુજરાતના કર્મચારીને મળતા વાહન ભથ્થાં પ્રમાણે પંચાયત તલાટી મંત્રીને વાહન ભથ્થું મળવાપાત્ર થશે.

ગુજરાતમાં પંચાયતી રાજની સ્વર્ણિમ જયંતી ઉજવાઈ રહી છે તેના ભાગરૂપે આજે ગાંધીનગરમાં રાજયની તમામ ગ્રામ પંચાયતોના મંત્રીઓની રાજયકક્ષાની કાર્યશિબિર યોજવામાં આવી હતી.

ગુજરાતના ત્રિસ્તરીય 'પંચાયતી રાજ' માળખામાં લોકશાહીના ધબકારા ઝીલતા ગ્રામ વિકાસની અને પંચાયતના વહીવટની સેવા ફરજો બજાવતા પંચાયત મંત્રીઓના યોગદાનનો નિર્દેશ કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર પંચાયત તલાટી મંત્રીઓની કાર્યશિબિર જે મહાત્મા મંદિરમાં થઈ રહી છે તેના નિર્માણમાં ગામેગામથી જળ-માટી લાવવાની પરસેવાની સુવાસ ગ્રામ પંચાયત મંત્રીઓની પથરાયેલી છે.

પંચાયત મંત્રી પરિવારને પ્રેરણા આપતા મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, પહેલા ગ્રામ પંચાયતમાં નાણાં જ નહોતા આજે ઉડીને આંખે વળગે એવો વિકાસ બધે જ દેખાય છે. કારણ કે, ગામડાને લાખો લાખોના નાણાંની સાધન સહાય મળે છે. ગામડામાં સ્વચ્છતાની કામગીરી માટે ગ્રામ પંચાયત આઉટ સોર્સિંગ કરે એ ગુજરાતમાં જ શકય બની શકયું છે.

રાજય સરકાર જે સતત નવું કરવા વિચારતી રહી છે તેનો પ્રતિભાવ છેક પંચાયત મંત્રીના વિચારમાં પડે છે તે બતાવે છે કે, ગુજરાતમાં આપને સહુને વિકાસ માટે નવું કંઈક કરવાની પ્રેરણા શકિત મળે છે. ગુજરાત સરકારના ૭ લાખ કર્મયોગીઓની ૧૨ લાખ ભુજાઓ જ આ સરકારની શકિત છે અને ૪૦૦૦ દિવસની રાજકીય સ્થિરતામાં ગુજરાત નવી ચાઈ ઉપર પહોંચી ગયું છે.

ગુજરાતમાં ૫૫ માંથી ૧૧૦ નવા પ્રાન્ત, આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો-તાલુકા સરકાર બને, નવા જિલ્લા-તાલુકાની રચના જેવા વહીવટી સત્તા વિકેન્દ્રીકરણની સુગમતાએ નવી ચેતના જગાવી છે તેનો ઉલ્લેખ કરી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આંગણવાડી જેવા ઉપેક્ષિત એકમને ગામમાં ગરીબ ભૂલકાંના લાલન પાલન માટે ચેતનવંતી બનાવી છે. ગામે ગામ સખી મંડળની બહેનો અને તલાટી-મંત્રીઓ પણ કોમ્પ્યુટર સાક્ષરતા માટે રાજય સરકારના EM POWER પ્રોજેકટથી સશકત બની રહ્યા છે. ગુજરાતમાં વિકાસની ચાઈએ ગામડામાં વહીવટી તંત્રમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ અને સ્વાગત ઓન લાઈન કાર્યક્રમ શકય બન્યો છે, કારણ સરકારે બ્રોડબેન્ડ કનેકટીવિટી ગામમાં આપી દીધી છે. હવે ગ્રામ પંચાયતનો વહીવટ પણ ટેકનોસેવી બને તે ગુજરાતમાં સમયનો તકાજો છે.

પ્રત્યેક પંચાયત મંત્રી ટેકનોસેવી બને એવું આહ્‌વાન કરતા મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, દરેક પંચાયત મંત્રી ગામનો ચીફ સેક્રેટરી છે અને એ સામર્થ્યથી નેતૃત્વ કરવું જોઈએ. ગામના સરકારના નિવૃત્ત સેવકો સાથે વર્ષમાં તેમની સાથે સમૂહ ચિન્તન કરીને ગામની સિકલ સૂરત બદલવા જન-ભાગીદારી સક્રિય બનાવે તેવી પ્રેરણા તેમણે આપી હતી. ૨૬ જાન્યુઆરી, ૧લી મે અને દિવાળીના સ્નેહ મિલન આ નિવૃત્ત સરકારી સેવકોનું બને એવું સૂચન તેમણે કર્યું હતું.

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા શ્રીશ્રી યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૩૦

આર્ટ ઓફ લીવીંગ ગાંધીનગર ચેપ્ટર દ્વારા શ્રી શ્રી યોગ શિબિરનું તા. ૨ ઓક્ટોબર-૨૦૧૨થી ૬ ઓક્ટોબર-૨૦૧૨ દરમિયાન કરવામાં આવ્યું છે.

દેશભરમાં પીસ એન્ડ હેલ્થ વીકનું આયોજન કરવામાં આવ્યું છે જે અન્વયે શ્રી શ્રી યોગ શિબિરો, પ્રિઝન સ્માર્ટ, શ્રમદાન વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આર્ટ ઓફ લીવીંગ, ગાંધીનગર ચેપ્ટર દ્વારા તા. ૨ થી ૬ ઓક્ટોબર દરમિયાન સવારે ૬ થી ૮ અથવા સાંજે ૭ થી ૯ કલાક દરમિયાન મેઘ મલ્હાર, ૨જો માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે શ્રીશ્રી યોગ શિબિર યોજાશે.

## સોનિયા ગાંધી બુધવારે રાજકોટમાં સભા સંબોધશે

અમદાવાદ, તા. ૩૦

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી આગામી તા. ૩જીને બુધવારે રાજકોટમાં જંગી જાહેર સભાને સંબોધીને ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે અને તા. ૫મી ઓક્ટોબર સુધીમાં ચૂંટણીની વિધિવત જાહેરાત થવાની શક્યતા છે ત્યારે કોંગ્રેસના અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી ચૂંટણી પ્રચાર માટે સૌ પ્રથમ સૌરાષ્ટ્રની મુલાકાતે આવી રહ્યા છે.

# બાઈક પર વિદેશી દારૂની હેરાફેરી કરતાં ત્રણ શખ્સો સાંતેજથી ઝડપાયા

કલોલ, તા. ૩૦

કલોક નજીક સાંતેજ પાસેથી બાઈક પર વિદેશી દારૂની બોટલોની ત્રણ શખ્સો દ્વારા હેરાફેરી કરવામાં આવી રહી હોવાથી બાતમીને આધારે કલોક તાલુકા પોલીસે વોચ ગોઠવીને દારૂની બોટલ સહીત ત્રણેય શખ્સોને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે વિદેશી દારૂ સહિત ૨૭ હજારનો મુદ્દામાલ જપ્ત કરી દારૂ કયાંથી લાવ્યાં હતા અને કયાં લઈ જવાતો હતો તે સહિતની વિગતો બહાર લાવવા સઘન પૂછપરછ શરૂ કરી છે.

કલોલ તાલુકા પોલીસને ગઈકાલે સમી સાંજે બાતમી મળી હતી કે સાંતેજ રોડ પરથી પલ્સર બાઈકલ નં. જીજે-૧૮ એન.એચ.૩૧૧૨ પર વિદેશી દારૂની હેરાફેરી કરાઈ રહી છે. બાતમી મળતાં જ તાલુકા પોલીસ સ્ટાફ સાંતેજ ચોકડી પાસે વૉચ પર ગોઠવાઈ ગયો હતો. દરમિયાન બાતમીમાં મળેલા નંબર વાળું બાઈક ત્યાંથી પસાર થતાં પોલીસે ઊભું રાખી તલાસી લીધી હતી. એક થેલાંમાંથી ૨૭ હજારની કિંમતની ૬ નંગ વિદેશી દારૂની બોટલો બાઈક ચાલકો પાસેથી મળી આવી હતી. દારૂની બોટલોની ખેપ મારનાર ત્રણ શખ્સો બાઈક પર સવાર હતા. સાંતેજનાં માટલાવાળા વાસમાં રહેતા ત્રણેય શખ્સો પ્રભાત પૂનમજી ઠાકોર, ટીના મણાજી ઠાકોર અને જુહા જયરામજી ઠાકોરની પોલીસે ધરપકડ કરી જમાદાર મહેન્દ્રભાઈએ સઘન પૂછપરછ હાથ ધરી છે.

# માય ટીવીએસનું એબીસી બેરીંગ્સ સાથે જોડાણ થયું

ટીવીએસ ઓટોમોબાઈલ્સ સોલ્યુશન્સની મલ્ટીબ્રાન્ડ કાર સર્વિસ પ્રોવાઈડર માયટીવીએસ દ્વારા આજે એબીસી ગ્રુપના પ્રમોટર્સ સાથે મળીને ગુજરાતમાં મલ્ટી બ્રાન્ડ કાર સર્વિસ પ્રોવાઈડર તરીકેનો બિઝનેસ વિસ્તારવા માટે સંયુક્ત સાહસ સ્થાપવાની જાહેરાત કરવામાં આવી છે. માયટીવીએસ ભારતમાં વિવિધ સ્થળે સપ્તાહમાં સાતેય દિવસ અને ચોવીસે કલાક માર્ગ સહાય કેન્દ્રો દ્વારા હાજરી ધરાવે છે. અને સમગ્ર ભારતમાં તે આ સર્વિસ પૂરી પાડવાની ક્ષમતા ધરાવે છે. પોતાના સુસંકલિત કાર સર્વિસ સોલ્યુશન્સ દ્વારા તે ટેલિમેટિક્સ આધારિત વ્હીકલ ટ્રેકીંગ સિસ્ટમ અને ઈમોબીલાઈઝર, કાર ડાયોગ્નોસ્ટીક્સ, ઈન્સ્યોરન્સ કલેઈમ્સ મેનેજમેન્ટ સર્વિસીસ વગેરે સેવાઓ પૂરી પાડવા માંગે છે. માયટીવીએસ હાલમાં પોતાના ૩૨ કેન્દ્રો ધરાવે છે. અને વર્ષ ૨૦૧૫ સુધીમાં પોતાની માલિકીના ૧૦૦ કેન્દ્રો સ્થાપવાનું ધ્યેય ધરાવે છે.ટીવીએસ ઓટોમોબાઈલ્સ સોલ્યુશન્સ લિમિટેડ પ્રેસિડેન્ટ આર. શ્રીવતચને જણાવ્યું હતું કે, માયટીવીએસ માટે ગુજરાત એ ઘણું મહત્વનું બજાર છે.

## ખરીફ ઋતુમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તબક્કામાં ખાબકેલા સારા વરસાદને કારણે ખરીફ પાકને ભારે નુકશાન થવા પામ્યુ છે. સતત પાછોતરા વરસાદને કારણે કપાસના પાકને તેમજ વરિયાળીના ધરૂવાડિયાઓને સારૂ એવુ નુકશાન થવા પામ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સતત વરસાદને કારણે ગુવારના પાકને પણ કાળી પડી જવાને લઈ નુકશાન થવા પામ્યું છે તો વેલાવાળા શાકભાજીના પાકોને પણ નુકશાનીમાંથી બાકાત રહ્યા નથી. જિલ્લામાં ખરીફ ઋતુમાં પાછોતરો વરસાદ સારો થયો છે અને તેને કારણે જિલ્લાની જમીનમાં ભેજનું તત્વ સારૂ એવું થવા પામ્યું છે. આનો લાભ હવે રવિ સીઝનમાં થશે તેમ ખેડૂત આગેવાનોનું માનવું છે.

જિલ્લામાં આ વખતે દિવેલાના વાવેતરમાં પણ ૧૦ હજાર હેક્ટર જેટલો ઘટાડો નોંધાયો છે. જો કે ઘાસચારાના પાકનું વાવેતર સારૂ થતાં જિલ્લાના પશુધનને રાહત થશે. જિલ્લામાં ખરીફ ઋતુમાં એક લાખ ૪૨ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું હતું. હવે પાક લેવાનો પ્રારંભ થઈ રહ્યો છે. જોકે કપાસની ખરીદી દિવાળીના દિવસોમાં થશે. જો કે ઉત્પાદનમાં ૬૦ થી ૭૦ ટકા જેટલસો જ ઉતારો કપાસમાં મળશે તેવું ખેડૂતોનું કહેવું છે.

બીજી તરફ રવિ સીઝનમાં સારૂ વાવેતર થશે જો કે ઘઉંના પાકનું વાવેતર દિપાવલી પછી થશે જ્યારે રાયડો અને અન્ય પાકોનું વાવેતર ૨૦ ઓક્ટો.થી શરૂ થાય તેવી શક્યતાઓ છે. જમીનમાં ભેજ સારો હોવાથી ઘઉંનું વાવેતર વધશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત રજકો અને શાકભાજી જેવા રોકડિયા પાકો પણ વધશે. એક અંદાજ પ્રમાણે ૭૦ હજાર હેક્ટર જેટલા વિસ્તારમાં રવિ પાકનું વાવેતર થવાનો અંદાજ છે.

# અંબાજી ત્રીશુળીયા ઘાટ પર મીની ટ્રક પલ્ટી ખાતા બેના મોત : ૨૫થી વધુ ઘાયલ

## અસરગ્રસ્તો ઉંઝાના કામલી ગામના રહેવાસી



પાલનપુર, તા. ૩૦

બનાસકાંઠાના અંબાજી ખાતે આવી રહેલા ભાદરવીના મહામેળામાં દર્શને આવેલા ઉંઝા તાલુકાના કામલી ગામના પટેલ સમાજના લોકોને પરત ફરતા અંબાજીના ત્રીશુળીયા ઘાટના ઢાળ પર બ્રેક ફેઈલ થઈ જતા ટ્રક પલ્ટી ખાઈ ગયો હતો. ટ્રકમાં સવાર ૪૦ જેટલા શ્રદ્ધાળુઓ પૈકી ૨ ના મોત નીપજ્યા હતા જ્યારે ૨૫ થી વધુ ઘાયલ થતા પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ભરતી કરાયા છે.

પ્રાપ્ત વિગત મુજબ ઉંઝા પાસેના કામલી ગામના પટેલ સમાજના લોકો મીની ટ્રકમાં સવાર થઈ અંબાજી દર્શન કરવા આવ્યા હતા. દરમિયાન દર્શન કરી મીની ટ્રકમાં પરત ફરી રહ્યા હતા ત્યારે ત્રીશુળીયા ઘાટના ઢાળમાં ટ્રકની બ્રેક ફેઈલ થઈ જતા પલ્ટી ખાઈ ગયો હતો અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્તોને દાંતા સીએચસીમાં પ્રાથમીક સારવાર બાદ પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં બે ના મોત નીપજ્યા હતા અને ૨૫ થી વધુ ઘાયલ થયા છે. મૃતકોમાં કિંજલ રમણભાઈ પટેલ (ઉં.વ.૨૧), જીતેન્દ્રકુમાર મણીલાલ પટેલ (ઉં.વ.૧૯)નો સમાવેશ થાય છે. આ બનાવની જાણ થતા ઉંઝાના ધારાસભ્ય સહીત આગેવાનો પાલનપુર સિવિલમાં દોડી આવ્યા હતા.

## શબ્દાવલી - ૪૮૫૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | ■ | ૪ | ૫ |
| ૬ | | | ■ | ■ | ૭ | | |
| ૮ | | ■ | ૯ | ૧૦ | | ■ | |
| | ■ | ૧૧ | | | | ૧૨ | ■ |
| ■ | ૧૩ | | | ■ | ■ | | ■ |
| ૧૪ | | | ■ | ૧૫ | ૧૬ | | ૧૭ |
| ૧૮ | | | ■ | ૧૯ | | ■ | |
| ૨૦ | | | ■ | ■ | ૨૧ | | |

**આડી ચાવી**

૧. મુશળધાર (૫)
૪. ઘોડા પર બેસી રમાતી રમત (૨)
૬. ખુણો, ગલીનું છેવાડાનું (૩)
૭. આઈસ, થીજેલું પાણી (૩)
૮. ભરપૂર (૨)
૯. એક ધાન્ય (૨)
૧૧. પોતાના વખાણ (૫)
૧૩. ખોદીને માટી કાઢવાનું ઓજાર (૩)
૧૪. જરૂર, ચોક્કસ (૩)
૧૫. સરખામણી (૪)
૧૮. બીક, ડર, ફટકો (૩)
૧૯. નાની તાસક (૨)
૨૦. કહાની, નવલિકા (૩)
૨૧. ઉપજ, નીપજવું (૩)

**ઊભી ચાવી**

૧. પ્રત્યક્ષ અનુભવવું તે (૪)
૨. પોલુ ના હોય તેવું (૩)
૩. બૂમ (૨)
૪. ગઈ સાલે અથવા આવતી સાલે (૨)
૫. બદમાશ, લબાડ (૩)
૭. વડોદરાનું બીજું નામ (૩)
૯. બિચારો (૩)
૧૦. બિયર.... ના પાણીનું બને (૨)
૧૧. જરૂરિયાત (૫)
૧૨. ખિતાબ, ઈનામ (૩)
૧૩. મોઢા ઉપર લગાવાતો સફેદ ભૂક્કો (૪)
૧૪. ખોટી વાતો ફેલાવવી તે (૩)
૧૫. મોટી ને હિન્દીમાં... કહેવાય (૨)
૧૬. લાઈટીંગ કરવું તે (૩)
૧૭. પ્રેકટીશ (ગાવાની) (૩)

### શબ્દાવલી ૪૮૫૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) વધરામળ (૪) અવાચ્ય (૬) ગાડરીયો પ્રવાહ (૯) ડફ (૧૦) ચકડોળ (૧૧) બેલી (૧૩) નતમસ્તક (૧૭) રાજીનામું (૨૦) જાવક (૨૧) સનાતન (૨૨) નડો

**ઊભી ચાવી :-** (૧) વળગાડ (૨) વલયો (૩) વાચ્ય (૪) અવાક (૫) વાહકો (૭) ડફણું (૮) પ્રચલિત (૧૧) બેનમૂન (૧૨) ગરાસ (૧૪) મજા (૧૫) સ્તવન (૧૬) કકડો (૧૮) જીના (૧૯) નાત


**સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ**

(ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીનું સાહસ)

**ઓનલાઈન (ઈ-ટેન્ડરીંગ) જાહેર નિવિદા-૮ સને ૨૦૧૨-૧૩**

કાર્યપાલક ઈજનેરશ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ-૨, બ્લોક નં.૯, ૮મો માળ, નવા સચિવાલય કોમ્પલેક્ષ, સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦ ફોન નં. ૦૭૯-૨૩૨૫૨૦૪૮, ૨૩૨૫૨૧૧૩ દ્વારા ફક્ત રજી. પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| અનુ | કામનું નામ | કામની અંદાજીત | બાનાની રકમ રૂ. | ટેન્ડર ફી રૂ. | કલાસ ઓફ રજીસ્ટ્રેશન |
|---|---|---|---|---|---|
| ૧ | જૂની હાઈકોર્ટ અમદાવાદ ખાતે આવેલ ફરિયાદ નિવારણ પ્રાધિકરણની કચેરીનું રીપેરીંગ તથા ફેરફાર કરવા અંગેની કામગીરી | ૨૭.૩૯ લાખ | ૨૮૦૦૦/- | ૧૫૦૦/- | ઈ-૧ કે તેથી ઉપરના વર્ગના ઈજારદારશ્રીઓ |

નોંધ : ઉપરોક્ત કામની પૂર્ણ કરવાની સમયમર્યાદા ૬(છ) માસની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | ટેન્ડર હસ્તાવેજો ડાઉનલોડ કરવાની અને ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ | તા. ૧૨-૧૦-૨૦૧૨ અને ૧૮.૦૦ કલાક સુધી |
| ૨. | ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ય દસ્તાવેજો કા.ઈ.શ્રી, નર્મદા યોજના મુખ્ય નહેર વિભાગ નં.૨, ગાંધીનગરની કચેરીમાં રૂબરૂમાં રજૂ કરવાની છેલ્લી તારીખ | તા. ૧૫-૧૦-૨૦૧૨ અને તા. ૧૬-૧૦-૨૦૧૨ કચેરી સમય ૧૦:૩૦ થી ૧૮:૦૦ કલાક સુધી |
| ૩. | ઓનલાઈન ટેન્ડર ખોલવાની તારીખ | તા. ૧૭-૧૦-૨૦૧૨ને ૧૬:૦૦ કલાકે (શક્ય હશે તો) |

વધુ વિગતો માટે ઉક્ત કચેરીનો સંપર્ક કરવો તથા ટેન્ડર ડાઉનલોડ અને અપલોડ કરવા તા. ૨૯/૯/૨૦૧૨ના રોજ http://ssnnl.nprocure.com વેબસાઈટ મુકવામાં આવેલ છે તો મુલાકાત લેવા વિનંતી છે. ટેન્ડર નોટીસ નીચે જણાવેલ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

www.sardarsarovardam.org / www.ssnnl.com માહિતી/૧૫૬૫/૧૨-૧૩



**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા



BIRLA TYRES Unbeatable! CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,



SANGHI CEMENT | Kisan | VINAYAK 500 TMT BARS - ISI | SANGHI STEEL - ISI
BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ